# વિજાપુર તાલુકામાં આવેલા ઐતિહાસિક સ્થાપત્યો

## Vijapur talukama aavela aitihasik sthapatyo

**Rakesh Patel**
Independent Researcher, krishrakesh50@gmail.com

## પ્રસ્તાવના

વિજાપુર તાલુકામાં આવેલા પ્રાચીન સ્થાપત્યોમાં ૧૨મી અને ૧૩મી સદીની આસપાસ બંધાયેલા કેટલાક ધર્મસ્થાનો હતા જે ગુજરાતનાં અન્ય પ્રાચીન મંદીરોની જેમ મુસલમાન આક્રમણકારીઓનો શિકાર બનેલા હતા. વિજાપુરમાં બે વખત ધર્મસ્થાનોને મુસલમાનોએ ભાંગ્યા.[૧] પરંતુ પાછળથી અહિ મરાઠા સમયમાં આ બધા ધર્મસ્થાનો ફરી બંધાયા, તો કેટલાક એજ પરિસ્થિતીમાં હાલ પણ વિદ્યમાન છે. વિજાપુર તાલુકામાં સ્થાપત્યોમાં ધાર્મિક સ્થાપત્યો મુખ્ય છે આ સ્થાપત્યોમાં મંદિરો, દેરાસરો, ઉપાશ્રયો, મસ્જિદો વગેરેનો સમાવેશ થાય છે. આ તાલુકામાં કેટલાક મંદિરો નવા બંધાયા હતા તો કેટલાક જીર્ણોદ્ધાર પામ્યા હતા.

## હિંદુ સ્થાપત્યો

વિજાપુરમાં આસોડામાં આવેલું જસમલનાથજી મંદિર સોલંકી કાલીન ગણાય છે, આ મંદિર નાગર શૈલીમાં બંધાયેલું પંચાયતન પ્રકારનું મંદિર છે, આવા મંદિરો ઉત્તર ગુજરાતમાં સંડેર, ધીણોજ, સુણોક, ખંડોસણમાં જોવા મળે છે. આ શિવ મંદિર પંચાયતન સાથે સંકળાયેલ એક વિરલ ઉદાહરણ છે. મુખ્ય મંદિર અને તેના ચાર પેટા દેવળો છે. ઉંચી જગતી પર ઉભેલું મુખ્ય મંદિર લગભગ સારી સ્થિતિમાં છે. દક્ષિણ-પશ્ચિમ પેટા દેવળો અને ઉત્તર-પશ્ચિમ મુદ્રાઓ અનુક્રમે સુર્ય અને વિષ્ણુને સમર્પિત છે. પાંચ દાદર શિવ મંદિરની ચઢાઈ છે અને પરિસર શણાગારેલો છે. સંડેરનાં મંદિર જેવી ઉંચાઈ છે પરંતુ મંદિરનું બાંધકામ મોટુ છે. આ મંદિરનાં પ્રાંગણમાં પુરાતત્વ વિભાગની અંગ્રેજીમાં ત્રણ તકતી મુકેલી છે જેનુ લખાણ આ પ્રમાણે છે.

→ This siva temple is a rare example belonging to the panchayatana class having four subsidiary shrines. The pihole group standing on a high jagati the main temple is almost in good condition except for the corner.

→ sub-shrines which are ruined. The south-western sub-shrines and the north-western ones are dedicated to surya and Vishnu respectively. The sub-shrines in the front are possibly dedicated to the female aspects of siva. The lateral walls of the stairway are decorated with mouldings and attendant figures.

→ a feature not found in other solanki temples. The entire structure represents in plan and elevation to the temple at sander, but is larger and typical for the carvings of the temples of Gujarat in the 12th century.a.d.[૨]

વસઈમાં આવેલું નીલકંઠેશ્વર મહાદેવનું મંદિર રાણક પટેલે વિ.સં.૧૫૨૫માં બંધાવેલું હતું.[3] આ ઉપરાંત સોલંકી કાલીન મંદિર ડાભલામાં આવેલું હતું. શ્રી પાળેશ્વર મહાદેવનું મંદિર પંચાયતન પ્રકારનું નાગર શૈલીમાં બંધાયેલ ઉતકૃષ્ટ સ્થાપત્ય હતું.[૪] આ મંદિરો વિજાપુરનાં પ્રાચીન મંદિરોમાં સમાવેશ થાય છે, આ મંદિરોની વધારે માહિતી પ્રાપ્ત થતી નથી પરંતુ એના બાંધકામ, કોતરણી વગેરે બાબતોને જોતા એટલું ચોક્કસ કહી શકાય કે આ મંદિરો શૈવ સંપ્રદાયમાં માનનાર સોલંકી રાજાઓનાં સમયમાં બંધાયેલા હશે. વિજાપુર પાસે લાડોલ ગામમાં સોલંકી કાળનું હરસિદ્ધમાતાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે.[૫]

આ ઉપરાંત વિજાપુર તાલુકામાં કેટલાક પ્રાચીન જૈન મંદિરો પણ આવેલા છે. આ મંદિરો ખંડેર અવસ્થામાં પણ પોતાની ભવ્યતાની ચાડી ખાય છે, જેમાં કુદેડા, ઘાંટુ અને સંઘપુરમાં આવેલા જૈન દેરાસરો પ્રાચીન છે પણ હાલ તે અપૂજ્ય અને ખંડેર અવસ્થામાં છે તેમાં રહેલી પ્રતિમાઓને અન્ય દેરાસરોમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આ બધા જૈન અને હિંદુ દેવળો મુસ્લિમ આક્રમણકારીઓનો શિકાર બનેલાં હતા. હાલ વિજાપુરમાં જે ધાર્મિક સ્થાપત્યો આવેલા છે તેમાં મોટા ભાગના મરાઠા કાળ દરમ્યાન બંધાયેલા અને જીર્ણોદ્ધાર પામેલા હતા.

હિંદુ મંદિરોમાં વ્યક્તિઓ દ્વારા બંધાયેલા મંદિરોનો સમાવેશ થતો હતો. વિજાપુરમાં ભાટવાડામાં બારોટ વહાલા મોકમજીએ લક્ષ્મીનારાયણ મંદિર બંધાવ્યું હતું. વિ.સં.૧૮૫૩માં બનેલાં આ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં.૧૮૫૬માં થઈ હતી. જેમાં લક્ષ્મીનારાયણ અને મુરલીધરની મૂર્તિઓ છે. ભાટવાડામાં બારોટ દામોદર મહોબતસંગજીએ બંધાવેલું રણછોડજીનું અને રાધાકૃષ્ણનું મંદિર, બારોટ ભઈબા ઘેમરસંગજીએ બંધાવેલું ખાખચોકનું મંદિર અને અંબાજીનું મંદિર, બારોટ લીલાભાઈ જેઠીદાસે બંધાવેલું શામળાજીનું મંદિર, બારોટ જેઠાભાઈ સાંકળભાઈએ બંધાવેલું રામલક્ષ્મણનું મંદિર, બારોટ ડુંગર ભક્તિએ બંધાવેલું ભાદાણી ભાટવાળાનું મંદિર, જેઠારામ દવેએ બંધાવેલું દ્વારકાધીશનાં મંદિર હતા. આ ઉપરાંત દોશીવાડાનું રાધાકૃષ્ણનું મંદિર, નવા કાશીપુરાનું સ્વામીનારાયણ મંદિર પણ હતા. કાશીપુરાની દક્ષિણબાજુએ કાલીકા માતાનું મંદિર ગાયકવાડે નિમેલાં કાઠીયાવાડનાં દિવાન વિઠોબા દિવાનજીએ બંધાવ્યું હતુ, આ મંદિર બનાવવા માટે મેંણાવાડા પાસે આવેલાં ખંડેર દેવળ મહાવીરનાં અને કેશરીયાજીનાં પથ્થરોનો ઉપયોગ કરેલો હતો.[૬] આ મંદિરને સરકાર તરફથી વાર્ષિક વર્ષાસન મળતું હતું. વડનગરનાં

મોઢ બ્રાહ્મણકવિ ચદ્રુરામનાં નામથી પ્રસિદ્ધ બનેલા ચદ્રુરામનાં મંદિરમાં કૃષ્ણની મૂર્તિ હતી. આ મંદિરને ગાયકવાડ સરકાર તરફથી વાર્ષિક વર્ષાસન રૂ.૧૨૦ મળતું હતું.

જીર્ણોદ્ધાર પામેલા મંદિરોમાં વિંધ્યવાસિની માતાનું મંદિર હતું. આણંદેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર વિ.સં.૧૯૭૮માં ભટ્ટ મેવાડા જ્ઞાતિ તરફથી થયો હતો. લાડોલનાં માર્ગે અંબાજી માતાની નાની દેરી માંથી મોટુ મંદિર બનાવવામાં આવ્યું હતું.

વિજાપુર પાસે મહેશ્વર ગામમાં મસિયા કે માહેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેમાં શક્તિની યોનિલિંગની પૂજા થાય છે, આ પ્રકારનાં કેટલાક યોનિલિંગો ગુજરાતમાંથી મળી આવ્યા છે. એમાં આ મંદિરનાં યોનિલિંગનો સમાવેશ થાય છે.[૭]

## જૈન સ્થાપત્યો

જૈન સ્થાપત્યનાં ક્ષેત્રે બંધાયેલાં કે જીર્ણોદ્ધાર થયેલાં મંદિરોમાં ઘર દેરાસરો, ધાબાબંધી, અને શિખરબંધી મંદિરોનો સમાવેશ થતો હતો. વિજાપુરમાં વસ્તુપાલ-તેજપાલે ચિંતામણી પાર્શ્વનાથનાં દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો એમ દેસાઈ મોહનભાઈ દલીચંદે એક જૂની પટ્ટાવલી જૈન કોન્ફરન્સ હેરલ્ડમાં છપાવી હતી તેમા જણાવ્યું હતુ. મુસલમાન શાસકોનાં સમયમાંઆ દેરાસર તોડવામાં આવ્યું હતું અને ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાને ભાટવાડામાં એક બ્રહ્મભટ્ટને ત્યાં ગુપ્ત રીતે જાળવવામાં આવી હતી. બારોટ છોટાલાલ કાલીદાસનાં જણાવ્યાં પ્રમાણે અમારા વડવાએ જ્યારે ગાયકવાડી રાજની સ્થાપના થઈ અને જૈન સંઘે ભાટવાડામાં દેરાસર બાંધવા માંડયું ત્યારે બારોટ મંગલજી જશકરણે શ્રી સંઘને પ્રતિમા વિ.સં ૧૮૩૧માં સોપી. વિ.સં. ૧૮૫૦માં દોશી હઠીસંગ નાનાભાઈએ ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાને ગાદીએ બેસાડી. વિજાપુરમાં આ દેરાસર સૌથી મોટું હતું, જે ભાટવાડાના નાકે લહુડી પોશાળ પાસે આવેલું હતું. આ દેરાસરમાં પાષાણની પ્રતિમાઓ પર વિ.સં. ૧૭૦૬, ૧૫૨૭ અને એક પટ્ટ પર ૧૩૨૪ની સાલ સાથે લેખો લખેલા હતા. જેમાના કેટલાક ઘસાઈ ગયા હતા. અને કેટલાક વાંચવાની સગવડનાં અભાવે વાંચી શકાતા નથી.[૮]

વિજાપુરમાં ચોથીયાનાં કોટમાં આવેલું બે માળનું શ્રી મહાવીર સ્વામીનું દેરાસર વિ.સં.૧૯૦૯માં અમદાવાદનાં ઝવેરી વખતચંદ દોલતચંદે બંધાવ્યું હતું. મહાવીર સ્વામીની પ્રતિમાં પર વિ.સં ૧૭૦૬નો લેખ લખેલો છે.[૯] શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેરાસર વખારીયા શેઠ

શીરચંદ રૂપચંદે વિ.સં.૧૯૩૦-૩૨માં બંધાવ્યુ છે. શેઠ બેચરદાસ શીરચંદે વિ.સં. ૧૮૭૨ની સાલમાં ચોથીઆના કોટમાં શ્રી શાન્તિનાથજીનું શીખરબંધી દેરાસર બંધાવ્યું. શ્રી વિજ્યાનંદસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી છે. શા.મૂળચંદ હીરાચંદની વિધવા શ્રાવિકા તેજકોર ઉર્ફે નવી કાકીએ શ્રી કુંથુનાથજીનું દેરાસર વિ.સં ૧૯૨૭માં રૂ.૧૦,૦૦૦ ખર્ચી બંધાવ્યું છે. ખંભાતથી શ્રી કુંથુનાથની પ્રતિમાને તેજકોર કાકી લાવ્યા અને તેમની મૂલનાયક તરીકે પ્રતિષ્ઠા કરી. શ્રી સંભવનાથની પ્રતિમાને ઘાંટુથી મંગાવી હતી. શ્રી ઋષભદેવજી કેશરીયાજીનું શિખરબંધી દેરાસર મૂર્તિની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૬૬માં શેઠ ખૂબચંદભાઈ દોશીએ કરી હતી. શ્રી અરનાથનું નાનું શિખર વિનાનું દેરાસર વિ.સં.૧૮૭૩માં દોશી હઠીસીંગ નાના અને હેમચંદ નાનાએ બંધાવ્યું હતું. શ્રી ગોડી પાર્શ્વનાથનાં દેરાસરની જગ્યાએ ઘર દેરાસર હતું. પછી બંધાયેલા આ દેરાસરનાં બાંધકામમાં શેઠ જનશા પિતાંબર, શેઠ જૂમખા વેલજી, શેઠ મોહનલાલ જેઠા, શેઠ લલ્લુભાઈ જીવરાજ, શેઠ દલસુખ નથુ વગેરે હતા. શ્રી પદ્માવતીના દેરાસરમાંથી ગોડી પાર્શ્વનાથની મૂર્તિ લઈને વિ.સં.૧૯૪૫નાં માઘ સુદી ત્રયાદેશીના રોજ પ્રતિષ્ઠા કરી હતી. શ્રી પદ્માવતીના દેરાસરમાં મૂળ નાયક તરીકે શ્રી આદિશ્વરની પ્રતિમાં હતી. તેની પ્રતિષ્ઠા શેઠ બેચરદાસ શીરચંદે કરાવી હતી. તેની જમણી બાજુએ શ્રી પદ્માવતીની અને ડાભી બાજુએ શ્રી સરસ્વતીદેવીની મૂર્તિ છે. વિ.સં. ૧૯૫૧માં નથુભાઈ કુબેરે તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

મહુડી કે જે હાલ માણસા તાલુકામાં સમાવેશ થયેલું છે. પરંતુ તેનો ઈતિહાસ વિજાપુર સાથે જોડાયેલો હોઈ અહિ તેના વિશે ઉલ્લેખ કરેલો છે. મહુડી ગામમાં શ્રી ઘંટાકર્ણ મહાવીરનું મંદિર લંબચોરસ ઘાટનું પૂર્વાભિમુખ ધાબાબંધી દેરાસર છે. એનાં પશ્ચિમ છેડે કરેલા ગર્ભગૃહમાં ધનુષ્ય-બાણ ધારણ કરેલા વીર ઘંટાકર્ણની દ્વિભુજ ઊભી મૂર્તિની પ્રતિષ્ઠા શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ કરી હતી. જૈન શાસનનાં બાવન વીરો પૈકી ત્રીસમા વીર ઘંટાકર્ણ મહાવીર છે. પદ્મ પ્રભુસ્વામીનાં દેરાસરમાં શ્રી પદ્મસ્વામી, શ્રી આદિશ્વર સ્વામી, શ્રી ચંદ્રપ્રભુસ્વામીની પ્રતિષ્ઠા શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ વિ.સં. ૧૯૭૪માં માગશર સુદ-૬નાં દિવસે કરી હતી.[૧૦]

વિજાપુર તાલુકાનાં ગામોમાં શિખરબંધી, ઘુમ્મટબંધી અને ઘર દેરાસરો હતા. ગેરીતામાં પાર્શ્વનાથજી અને વાસુપૂજ્યજી, કોલવડામાં આદીનાથ, પામોલમાં શાંતિનાથજી, ગવાડામાં સંભવનાથજી અને પાર્શ્વનાથજી, લાડોલમાં પાર્શ્વનાથજી અને શાંતિનાથજી, સરદારપુરમાં નેમીનાથજી, પેઢામલી ગામમાં પાર્શ્વનાથજી, કુદેડામાં સુમતિનાથજી, આગલોડમાં કલ્યાણ પાર્શ્વનાથજી અને સુમતિનાથજી, નવા સંઘપુરમાં ચંદ્ર પ્રભુસ્વામી, કુકરવાડામાં આદીનાથજી, રણાસણમાં શામળા પાર્શ્વનાથજી, પુંધરામાં આદીનાથજી, પિલવાઈમાં પદ્મપ્રભુજી, વિહારમાં

પાર્શ્વનાથજી, ટીંટોદણમાં સુમતિનાથજી, બીલોદરામાં સંભવનાથજી, ચરાડામાં શાંતિનાથજી, આજોલમાં પદ્મપ્રભુજી, લાકરોડામાં શાંતિનાથજી વગેરે મૂળનાયકોનાં દેરાસરો છે.[૧૧]

## અન્ય જૈન સ્થાપત્યો

જૈન વિદ્યાશાળાની પશ્ચિમે દિશાએ જૈન જ્ઞાન મંદિર વિ.સં ૧૯૭૬માં તૈયાર કરવામાં આવ્યું હતું. આ જ્ઞાન મંદિરમાં પ્રવેશતાં સામે દક્ષિણ ભીંત પર આરસમાં લેખ કોતરવામાં આવ્યો હતો. [૧૨]

બુદ્ધિસાગર સૂરિશ્વરજીએ વિ.સં.૧૯૭૪નું ચોમાસું વિજાપુરમાં વિહાર કર્યો અને સંઘની આગળ જ્ઞાન મંદિરનો ઉપદેશ આપ્યો અને ફંડ કરવામાં આવ્યું. બે વર્ષમાં જ્ઞાન મંદિર પૂર્ણ થયું. આ જ્ઞાન મંદિરનો શેઠ મણીભાઈ દલપતભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઈ, શેઠ જીવણચંદ ધરમચંદ વગેરે જૈન શેઠો ઉપરાંત વડોદરા રાજ્યનાં દિવાન શ્રીયુત મનુભાઈ, સૂબા નિંબાલકર તથા સર સૂબા ગોવિંદજીભાઈ હાથીભાઈ, સૂબા રામલાલભાઈ તથા નાયબ સૂબા ગોખલેએ આ જ્ઞાન મંદિરની મુલાકાત લીધી હતી.

ઉપાશ્રયોમાં સંવેગીનો ઉપાશ્રય, શ્રાવિકોનો ઉપાશ્રય, અણુસુરગચ્છનો ઉપાશ્રય, શ્રીદેવસૂરિગચ્છનો ઉપાશ્રય, વડી પોશાળનો ઉપાશ્રય અને શ્રી લઘુપોશાળનો ઉપાશ્રયનો સમાવેશ થતો હતો.

## મુસ્લિમ સ્થાપત્યો

મુસ્લિમ સ્થાપત્ય ક્ષેત્રે વિજાપુરમાં જૂના સ્થાપત્યોમાં ઈદગાહ અને કેટલીક મસ્જિદોનું નિર્માણ ૧૩મી સદી પછી થયું. વિજાપુરમાં આવેલા મુસ્લિમ સ્થાપત્યોમાં માત્ર ધાર્મિક સ્થાપત્યો જ હતા. જેમાં- પીંજારાની મસ્જિદ, વિ.સં.૧૯૬૨માં બંધાયેલી કબ્રસ્તાનની મસ્જિદ, વિ.સં.૧૯૭૬માં બંધાયેલ ફૈજુદ્દીન મીયાનો રોજો, જહાનીયા સાહેબ જ્યાં વસતા હતા ત્યાં તેમના નામથી જહાનીયા મસ્જિદ બાંધવામાં આવી, સૈયદની કે કસ્બાતી મસ્જિદ, કાજીની મસ્જિદ, વોરવાડમાં જુમ્મા મસ્જિદ આવેલી, કસાઈવાડાની મસ્જિદ વગેરે જૂનાં સ્થાપત્યો આવેલા હતા. જેનો સમયાંતરે જીર્ણોદ્ધાર કરવામાં આવેલો હતો.

કસાઈવાડાના ચોરાની મસ્જિદમાં એક લેખ હતો તેનો ગુજરાતીમાં તરજુમો નીચે પ્રમાણે થાય-

૧. ઈશ્વરના નામ સાથે શરૂ કરૂં છું.

૨. ઔરંગશાહ બાદશાહના સમયમાં સરદારપુર મહોલ્લો વસેલો સદરહુ બાદશાહનાં વખતમાં.

૩. સૈયદ હાસમ કોતવાલે ઈશ્વર ઈચ્છાથી વસાવેલું.

૪. ખુદાના હુકમથી તૈયાર કરી વસાવ્યું છે.

તારીખ ૧ માહે જમાદી ઉલ અબલ સને ૧૦૧૦ હીજરી. કસાઈવાડાની મસ્જિદમાં પથ્થર ઉપર લેખ છે તે ગુજરાતીમાં-

તખ્ત બાદશાહ ઔરંગશાહ.

વીજાપુર જાંગીરખાન શ્રીબદર.

મયાન પરસર દર પરવાસ

સૈયદ ટીશમ કોતવાલ કામદારે કર્યુ છે સંવત ૧૭૪૦ વર્ષે વૈશાખ માસે.

ગામની આથમણી દિશાએ સ્ટેશન પાસે ઈદગાહ હતી ત્યાં વચ્ચોવચ બેઠકની જગ્યાએ અરબીમાં લેખ હતો તેનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે.-

૧. આથી પહેલા અહી જફરખાન બાબીએ ઈદગાહની પ્રતિષ્ઠા કરેલી.

૨. તે પુરાણી અને ખંડીત થવાથી ઘણી મુદ્દતથઈ ગઈ હતી.

૩. તેથી પછી નવીન પ્રતિષ્ઠા ઈશ્વર ઈચ્છાથી કરવામાં આવી.

૪. મુજાહીદખાં અલીનેક આદતવાલાએ પ્રતિષ્ઠા બીજીવાર નવીન કરાવી.

૫. જ્યારે આ ઈમારત તૈયાર થઈ તે બીનાનો લેખ લખવામાં આવ્યો.

૬. આકાશી દેવોએ કહ્યુ કે આ ઈદગાહ શ્રેષ્ઠ ને ઉત્તમ તૈયાર થઈ છે સને ૧૦૬૩ હીજરી.

પાટણ ગુજરાતની સુબાગીરી ઉપર હીજરી સન ૭૯૪માં જફરખાન આવ્યા. હીજરી સન ૮૧૦માં જફરખાન શેરપુરમાં ગુજરાતના સુલ્તાન થયા અને મુઝફરશાહ નામ ધારણ કર્યુ. દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખલજીના ગુજરાત પાટણના સેનાધિપતિ ઝફરખાને વિજાપુરની ઈદગાહ બનાવી. હીજરી સન ૮૦૧માં ઝફરખાને બંધાવેલો ઈદગાહ જીર્ણ થઈ ગયો ત્યારે પાલનપુરના દિવાન મુજાદખાન કે જે અમદાવાદના સુબા થયા હતા, તે વિજાપુરમાં બંદોબસ્ત

કરવા સારૂ વીસ વર્ષ રહ્યા હતા. તેમણે ઈદગાહ સુધરાવ્યો, હીજરી સન ૧૦૬૩માં દુરસ્ત કરાવ્યો. વિ.સં.૧૯૬૨માં કાગદી વ્હોરા ઉસમાનભાઈએ તથા મીર સૈયદુમીયા બાજુમીયા વગેરેએ મુસલમાનોના ઈદગાહના ફંડમાંથી ઈદગાહ ત્રીજીવાર સુધરાવ્યો. જફરખાન પછી આશરે ૨૬૨ વર્ષે ઈદગાહનો જીર્ણોદ્ધાર થયો. તે પછી ઈ.સ ૧૯૦૫ આસપાસ જીર્ણોદ્ધાર થયો હતો.[૧૩]

વિજાપુરમાં આવેલા ઈસ્લામીક ધાર્મિક સ્થાપત્યો નીચે પ્રમાણે છે.

## *પીંજારાની મસ્જિદ:-*

પીંજારાની મસ્જિદની જગ્યાએ પહેલા હુંબડ જૈનોનું મંદિર અને ઔષધશાળા હતી. ઔરંગઝેબ બાદશાહના આજુ-બાજુના કાળમાં તે તોડી પાડવામાં આવ્યું. અને ત્યા મસ્જીદ બાંધવામાં આવી. પુરીબાઈ નામની શ્રાવિકાને મુસલમાન બનાવવામાં આવી; તેની હાલ ત્યાં કબર છે, તે કબર દરવાજામાં પેસતા ડાબી બાજુ છે, અને ઉત્તર તરફ દરવાજામાં પેસતાં જમણી બાજુએ ભોંયરૂ હતુ અને તેમા પ્રતિમાઓ હતી. હાલ ભોંયરૂ પૂરી નાખવામાં આવ્યું છે. આ જગ્યા બુદ્ધિસાગર મહરાજે જાતે જોએલી છે તેઓ તેમણે ઉલ્લેખ તેમના પુસ્તક વિજાપુર વૃત્તાંતમાં કર્યો છે.

મસ્જીદ જૂની થવાથી વિ.સં.૧૯૭૧ની સાલમાં નવી બંધાવી છે; તેમ છતા હાલ પૂર્વના દેરાસરના અવશેષો જોવા મળે છે. મસ્જીદનું બાંધકામ આકર્ષક છે.[૧૪]

## *કબ્રસ્તાનમાં આવેલી મસ્જિદ:-*

મીયા સૈયદભાઈ રહીમભાઈ કાગદીએ વિ.સં.૧૯૬૨માં આ મસ્જિદ બંધાવી છે. ખલીફા રહેમાનશાહ કાદરીની કબર મસ્જિદ પાસે લીંબડીની નીચે છે, તે હાફીઝ ફકીર હતા. તેમણે વિ.સં ૧૯૫૪ના ફાગણ સુદિ પૂનમનાં રોજ દેહ ત્યાગ કર્યો હતો.[૧૫]

## *ફૈજુદ્દીન મીયાનું રોઝુ:-*

કબ્રસ્તાનની પાસે આંબલી પાસે કાજી ફૈજુદ્દીન વલ્લીઉદ્દીનનો રોઝો છે. વિ.સં.૧૯૭૬માં તે રોઝો એક વર્ષમાં પુરો કરવામાં આવ્યો છે. ફૈજુદ્દીન મીયા ગરીબોને દાન કરતા અને તેમણે

કુરાનનો સારો અભ્યાસ કર્યો હતો. હિન્દુઓની સાથે સારી રીતે હળી મળી રહેતા હતા. હિંન્દુ-મુસલમાનનાં સંપ માટે સારો ભાગ ભજવતા હતા. તે મરણ પામ્યા ત્યારે મહાજને પાખી પાળી હતી. મુસલમાનોએ પાંજરાપોળમાં રૂપિયા આપવા માંડ્યા હતા, પણ મહાજને તેમની મોટાઈની ખાતર લીધા નહોતા, બુદ્ધિસાગર મહારાજે પાખી પાળવા ખાસ ઉપદેશ કર્યો હતો.[૧૬]

## *જાનીયા મસ્જિદ:-*

ફકીર મહમદ સાહેબનાં ભાણેજ મગ્દુમ અને જહાનીયા એ બે પીર સાહેબ હતા. મક્કામાં હજ કરવા માટે તે બન્ને ફકીર મહમદ સાહેબની સાથે ગયા હતા. જહાનીયા સાહેબ જ્યાં વસતા હતા ત્યાં તેમના નામથી જહાનીયા મસ્જિદ બાંધવામાં આવી. તે મસ્જિદ જૂની થવાથી સંવત ૧૯૭૧માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. મસ્જીદની જગ્યા વિશાળ છે. તે મસ્જિદની પાસે પહેલા હાફીજોની વસ્તી આશરે સવાસો ઘરની હતી. માદન ખેતરમાં ચાન સૈયદની કબર છે. વિજાપુરમાં પહેલી માદનવાળી કબર થઈ હતી. માદનમાં પહેલાં મસ્જિદ હતી. સૈયદ અતાઉલ્લાની ત્યાં કબર હતી, તેની પાસે મસ્જિદ હતી, માદણનું ખેતર સુલ્તાને સૈયદને આપ્યું હતું. સર્વના પહેલા વિજાપુરના મુસલમાનોમાં સૈયદ આવ્યા હતા. પહેલા વિજાપુરમાં પીંજારાના હજાર ઘર હતા અને વ્હોરાનાં સાતસો ઘર હતા.[૧૭]

## *કસ્બાતી કે સૈયદની મસ્જિદ:-*

આ મસ્જિદ વિશેની માહિતી બુદ્ધિસાગર મહારાજે તેમના વિજાપુર વૃત્તાંતમાં આ પ્રમાણે આપેલી છે: વિ.સં.૧૫૩૦ લગભગની અગર તે પછીની આ મસ્જિદ હોય એમ લાગે છે. મસ્જિદ સાથે કસ્બાતીનો ચોરો છે. કસ્બાતીનું વર્ચસ્વ પહેલા વિજાપુરમાં ઘણુ હતુ. આ મસ્જિદ સૈયદની કે કસ્બાતી કહેવાયા છે. જાનીયા મસ્જિદ પછી આ મસ્જિદ બંધાવી હોય એમ લાગે છે હાલમાં આ મસ્જિદ જીર્ણ થઈ ગઈ છે.[૧૮]

## *કાજીની મસ્જિદ:-*

ચૌટામાં વિદ્યાશાળા પાસે દક્ષિણે કાજીની મસ્જિદ હતી. તે પહેલા જીર્ણ હતી હાલ સુધારવામાં આવી છે. તેમા મુસલમાનો નમાજ પઢે છે. તેની પાસે કાજીવાડો છે. ત્યાં પહેલા ગામનાં કાજી રહેતા હતા.[૧૯]

### વોરવાડની જુમ્મા મસ્જિદ:-

વોરવાડમાં જુમ્મા મસ્જિદ આવેલી હતી. અને ત્યાં શુક્રવારે ગામનાં તથા આજુ-બાજુનાં મુસલમાનો નમાજ પઢવા આવતા હતા. મસ્જિદ સ્વચ્છ અને વિશાળ છે. ચૌટાની વચ્ચો-વચ્ચ આ મસ્જિદ છે. તે મોટામાં મોટી મસ્જિદ છે.

દોશીવાડાથી ચક્કર જતાં કસાઈઓની વસાહત છે જેને કસાઈવાડો પણ કહે છે, અહિ મસ્જિદ આવેલી છે. આ મસ્જિદ જૂની છે, અને તેને સમરાવવામાં આવેલી છે. મસ્જિદ પાસે એક જૂનુ લીંબડાનું ઝાડ હતું.

વિજાપુરમાં કસાઈવાડા અને મુમનવાડામાંથી તાજીયાનાં ઝુલુસ નીકળે છે. મુમનવાડાના તાજીયા છેલ્લા સવાસો વર્ષથી થાય છે. શરુઆતમાં ગાયકવાડ સરકારના ખર્ચે તાજીયા નીકળતા હતા પાછળથી તે બંધ કરવામાં આવ્યું હતુ.[૨૦]

વિજાપુરમાં પીંજારાની મસ્જિદ પાસે કબ્રસ્તાન આવેલુ હતું. જૂના બજારમાં એક ઓરડીમાં અહમદ સૈયદ અને ઈલ્મુદ્દીન સૈયદની કબર હતી. મકરાણી દરવાજા પાસે ત્રણ કબર હતી. તેમા એક ગેબનશાહ અને એક ગંઝપીરની હતી. દેવરામ કાશીની હવેલીમાં ગુલમહમદ મીયા અને જાનમહમદ મીયાની કબર હતી. મેણાવાડા પાસે શેખુ સૈયદપીરની કબર હતી. રામપુરા(કુવાયડા) જવાના રસ્તે વચ્ચે કનકપુરા ગામ પાસે અબુવલ શાહ પીરની દરગાહ હતી. લાડોલના રસ્તે પાંચપીરની દરગાહ હતી. ખત્રી કુવા ચાર રસ્તા વિસનગર રોડ પર ટેકરા પર બાલાપીરની અને મીરા દાતારની કબર હતી. મોટા કબ્રસ્તાનમાં દાદા ફકીર મહમદ સાહેબની કબર હતી, તે પ્રાચીન હતી. મહેસાણા હાઈવે પર બાવા દરાજની કબર હતી, હાઈવે ચાર રસ્તે મક્તુ સાહેબની કબર હતી. માદાનના ખેતરની દક્ષિણે અંગારશાહની કબર હતી. નાની વોરવાડમાં મસ્તાનની કબર હતી. વોરવાડનાં નાકે ગેબનશાહની કબર હતી. આ ઉપરાંત સૈયદની મસ્જિદમાં મારૂફમીયાની કબર હતી. છાપરીયામાં મીરજાન સૈયદની કબર હતી. મુમનવાડામાં ઉલ્લસર પીરની કબર હતી.[૨૧] આજે પણ આ દરગાહો અને કબરો વિજાપુરમાં મોજૂદ છે.

જુના વિજાપુરમાં વિજલદેવ રાજાએ મુસલમાનોને વસવા દીધા નહોતા. તેથી તેઓ વિજાપુરના કોટની આથમણી દિશાએ વાસ કર્યો. દાદા ફકીર મહમદ સાહેબના પહેલાં વિજાપુરમાં એક સદી પહેલા મુસલમાનો વસ્યાં હશે એમ અનુમાન કરી શકાય છે. ઈ.સ.૧૨૯૭માં અલ્લાઉદ્દીને કરણ વાઘેલાને હરાવ્યો તે પહેલા સિદ્ધરાજ અને કુમારપાળના

વખતમાં મુસલમાનો પાટણ અને ખંભાત જેવા સ્થળોએ વસવા લાગ્યા હતા. તેથી આ સમયમાં વિજાપુરમાં પણ મુસલમાનો વસ્યા હોય તેમ અનુમાન કરી શકાય છે. ગુજરાતમાં મસ્જિદોના નિર્માણ કે જીર્ણોદ્ધારને લગતા અરબી-ફારસી શિલાલેખો રાધનપુર, પાટણ, મહેસાણા, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા, વિજાપુર, ખંભાત, જામનગર, સમી, ધોળકા, દાહોદ વગેરે સ્થળોએ મળે છે.[૨૫]

## અન્ય સ્થાપત્યો

વિજાપુર તાલુકામાં ગાયકવાડ સમયમાં સરકારી વહીવટનાં અને સાર્વજનિક એમ બે પ્રકારનાં દેવસ્થાનો હતાં.[૨૨] સરકારી વહીવટનાં દેવસ્થાનો અને તેની સંખ્યા- કેલીસણા-૩, કોલવડા-૪, ખરોડ-૨, માલોસણ-૨, ચડાસણા-૧, પિલવાઈ-૧, ખરણા-૧, બોરૂ-૨, પુંધરા-૨, મંડાલી ખરોડ-૨, વિજાપુર-૯, વિહાર-૪નો સમાવેશ થતો હતો.

સાર્વજનિક દેવસ્થાનો અને તેની સંખ્યા- અંબાસણ-૧, આજોલ-૫, અભરામપુરા-૧, કુકરવાડા-૩, ખરોડ-૬, ગવાડા-૨, ગોઝારીયા-૪, ચડાસણા-૨, જંત્રાલ-૪, તાતોસણ-૩, દેલવાડ-૨, પામોલ-૧, પાલડી વ્યાસ-૧, પિલવાઈ-૪, પુંધરા-૩, બામણવા-૪, બિલીયા-૨, મંડાલી ખરોડ-૨, માલોસણ-૩, રણાસણ-૪, રીદ્રોલ-૨, લાડોલ-૪, વિજાપુર-૨૫, વિહાર-૨, વેડા-૧, સુંદરપુર-૨, આગલોડ મોટાવાસ-૩, ચાંગોદ-૧, લોદરા-૩, મલાવ ઈનામી અને મલાવ ખાલસા બન્ને ભાગમાં એક-એક, અમરાપુરા-૩, આસોડા-૧, ઉબખલ-૩, ખરણા-૩, ગેરીતા(વાટો તળપદ)-૪, ચરાડા-૩, ડાભલા-૩, દગાવાડીયા-૧, દેવડા-૩, પડુસ્મા-૩, પારસા-૨, પાલડી રાઠોડ-૧, બોરૂ-૨, વડાસણ-૨, સમૌ-૬, ખાટા આંબા-૨, ગલથરા-૨, ધમેડા-૧, પેઢામલી-૩, અંબોડ-૨, કુવાદરા-૩, ગણેશપુરા-૨, ઘાંટુ ધનપુરા-૧, ટીંટોદણ-૪, બિલોદરા-૬, મહુડી-૩, મંડાલી વિહાર-૩, માણેકપુર મકાખાડ-૬, રંગપુર-૨, લાકરોડા-૪, વસઈ-૧૦, સંઘપુર-૨, હરણાહોડા-૧નો સમાવેશ થતો હતો.

ધાર્મિક સ્થાપત્યો ઉપરાંત વિજાપુર તાલુકામાં ઈ.સ.૧૮૯૩-૯૪માં વિજાપુર વહીવટદાર કચેરી રાજ્યના એન્જીનીયર ખાતાએ બાંધી હતી. આ કચેરી બાંધવાનો કુલ ખર્ચ રૂ.૩૯૮૪૫ આવ્યો હતો.

આ તાલુકાનાં સ્થાપત્યોમાં ધર્મશાળાઓનો સમાવેશ કરી શકાય છે જેમાં વિજાપુરમાં મકરાણી દરવાજા પાસે ભટ્ટ મેવાડા ધર્મશાળા આવેલી હતી. આ જ્ઞાતિની ધર્મશાળા પંડ્યા રૂગદેવે બંધાવી હતી. દોશીવાડામાં અમદાવાદનાં શેઠ હઠીસીંગ કેશરીભાઈએ ધર્મશાળા બંધાવી

હતી. મુસાફરો માટે વિ.સં ૧૯૬૦માં શેઠ ચુનીલાલ મણીયારે પોતાના પિતાનાં સ્મરણાર્થે ધર્મશાળા બંધાવી હતી.[23]

સાર્વજનિક ધર્મશાળા આજોલ, કુકરવાડા, કોલવડા, ખરોડ, ગવાડા, ગોઝારીયા, ચડાસણા, તાતોસણ, પિલવાઈ, માલોસણ, વિજાપુર, આગલોડ, લોદરા, ખરણા, પડુસ્મા, માણેકપુર(ડાભલા), સમૌ, સોલૈયા, મહુડી, મંડાલી વિહાર, માણેકપુર મકાખાડ, વસઈ વગેરે ગામોમાં એક હતી. ટીંટોદણ, બીલોદરા ગામોમાં બે અને ગેરીતા ગામમાં ત્રણ ધર્મશાળાઓ હતી.

અન્ય સ્થાપત્યોમાં પશુઓ માટેનાં પાંજરાપોળનો સમાવેશ થાય છે. વિજાપુર તાલુકામાં સંઘપુર-મહુડીનાં રસ્તા પર પાંજરાપોળનું મકાન આવેલું હતુ. જે વિ.સં.૧૯૪૦માં શેઠ હાથીભાઈ મલુકચંદ, દોશી ભવાન મલુકચંદ, મલુકચંદ વીરચંદ વગેરેની આગેવાનીથી ખોડા ઢોરોની પાંજરાપોળ બંધાવી હતી. આ પાંજરાપોળ માટે ખેતરો અને દુકાનો જૈનો તરફથી આપવામાં આવ્યા હતા. બીજી પાંજરાપોળ દશા પોરવાડ શ્રાવિક ઉગરી ભંડારણે વિ.સં.૧૮૫૦માં બંધાવી હતી. જે દેવરામ કાશીરામની હવેલી સામે આવેલી હતી. આ ઉપરાંત શેઠ દયાચંદ ધરમચંદની ખોડા ઢોરોની પાંજરાપોળ વિ.સં.૧૯૦૫માં બાંધવામાં આવી હતી, જે દોશી વાડાની સામે હતી. ત્યાથી તે બાલ્યામાઢની સામે વિ.સં.૨૦૪૬માં પુનઃ બાંધવામા આવી, ત્યાથી ફરીથી ઈ.સ.૨૦૧૩માં ગોવિંદપુરા ચોકડી ઉપર બનાવવામાં આવ્યું છે. નાની જગ્યાથી શરૂ થયેલી આ ધાર્મિક પ્રવૃત્તિ આજે વિશાળ જગ્યામાં બનાવવામાં આવી છે, જે વિજાપુરનાં જીવદયા પ્રેમી લોકોની દાન પુણ્યતાં કેટલી ઉમદા છે તે સૂચવે છે.

આ ઉપરાંત વિજાપુરમાં વાવ-વાવડી, કુંડ, કુવાઓ અને ચબુતરા જેવાં સ્થાપત્યો પણ આવેલાં છે જેમાં હાલ મહેશ્વરમાં બારોટ વહાલા મોહકમ અને રણાસણનાં માર્ગે વાવ આવેલી છે, વિજાપુરની ઉત્તરે મોટુ તળાવ છે, અને તેની વચ્ચે ચાવડા રાજા રત્નાદિત્યએ બંધાવેલો કુંડ આવેલો છે. વિજાપુરમાં વેરાવાસણમાં જૈન શ્રાવિકા દિવાળીબાઈએ ચબૂતરો કરાવ્યો હતો. તેનો લેખ હતો "દેસાઈ અમથાલાલ સાંકળદાસની વિધવા દિવાળીબાઈએ આ ચબૂતરો બંધાવી, કાયમ રકમ કબુતરોને અનાજ માટે આપી છે, તે પાસે એક ઓરડો ચોપાડવાળો બંધાવી સાર્વજનિક ધર્માદા મુક્યો છે"[24] વિજાપુરમાં ચૌટા વચ્ચે એક ચબુતરા પર લેખ છે, આ ચબુતરો મહાજને બંધાવ્યો હતો. તેનાં પર દાણા નાંખવામાટે ચઢવા એક નીસરણી કરાવી હતી.

આ ઉપરાંત વિજાપુરમાં વિ.સં. ૧૯૩૦માં સરકારી દવાખાનું પણ સ્થાપવામાં આવ્યુ હતુ, વહીવટદાર, મુનસફ, ફોજદારની એમ અનુક્રમે ત્રણ કચેરીઓ વિ.સં.૧૯૪૮માં બાંધવામાં આવી હતી, શેઠ મગનલાલ કંકુચંદે સં.૧૯૭૨ની સાલમાં બોર્ડીંગ બંધાવ્યું હતુ. હાલ વિજાપુરમાં

બસસ્ટેશનની સામે ઠક્કરબાપા છાત્રાલય આવેલું છે જેની સ્થાપના ઈ.સ.૧૯૫૩માં થઈ હતી અને તે સરકાર દ્વારા સંચાલિત છે. વિ. સં.૧૯૨૫માં પોસ્ટઓફીસ સ્થપાઈ, સં.૧૯૫૭માં રેલવેની શરુઆત થઈ, આરામગૃહની સ્થાપના સં.૧૯૬૮માં થઈ, સાર્વજનિક લાઈબ્રેરીની સ્થાપના ઈ.સ.૧૯૧૩માં થઈ, જેમાં અંદાજીત વીસ હજાર જેટલાં પુસ્તકો છે.[૨૫]

આમ, વિજાપુર તાલુકામાં ઉપર મુજબનાં સ્થાપત્યો આવેલા છે, આ સ્થાપત્યોમાં કેટલાક જતનનાં અભાવે હાલ જીર્ણ અવસ્થામાં છે એક સમયે આ સ્થાપત્યોએ વિજાપુરનાં લોકોનાં વિકાસ માટે મહત્વનું યોગદાન આપ્યું હતું તેને અહિ નોંધી છે, હજુ પણ એવી સંસ્થાઓ છે કે જેમણે તેનો વિકાસ પણ કર્યો છે.

## પાદનોંધ:-

૧."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ,મુંબઈ,દ્વિતીય આવૃત્તિ, ઈ.સ.૧૯૨૫, પૃ.૨.

૨. રૂબરૂ મુલાકાતનાં આધારે.

૩. શાસ્ત્રી હરિપ્રસાદ.જી, 'ઈતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ', ગૂજરાત વિદ્યાપીઠ મંડળ, ઈ.સ.૧૯૮૩, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, પૃ.૨૮.

૪. રૂબરૂ મુલાકાતનાં આધારે.

૫. રૂબરૂ મુલાકાતનાં આધારે.

૬."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૧૦૭.

૭. ગૌદાની હરિભાઈ આર, ' ગુજરાતમાં લિંગ પૂજા અને ગુજરાતનાં શિવલિંગો ', પથિક, ઈ.સ.૧૯૭૨, સં-૨૦૨૮, ઓક્ટોબર, વર્ષ-૧૨, અંક-૧, પૃ.૯૩.

૮."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૪૧,૪૨.

૯. એજન, પૃ.૫૨.

૧૦. મહુડી, માહિતીખાતું ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પૃ. નથી.

૧૧. જૈન તીર્થ સંગ્રહ ભાગ-૧લો, શેઠ કલ્યાણજી આંણદજી, ઝવેરી વાડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૧૯૫૩, પૃ.૧૭૯.

૧૨."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૮૦ થી ૮૪ અને મુલાકાત આધારે.

૧૩."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૧૫૫,૧૫૬.

૧૪. એજન, પૃ.૧૫૬.

૧૫. એજન, પૃ.૧૫૬,૧૫૭.

૧૬. એજન, પૃ.૧૫૭,૧૫૮.

૧૭. એજન, પૃ.૧૫૮,૧૫૯.

૧૮."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૧૫૯.

૧૯. એજન, પૃ.૧૫૯.

૨૦."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૧૬૦.

૨૧. શાસ્ત્રી હરિપ્રસાદ.જી, 'ઈતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ', ગૂજરાત વિદ્યાપીઠ મંડળ, ઈ.સ.૧૯૮૩, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, પૃ.૩૨.

૨૨. ગામવાર માહિતીનું પુસ્તક', વડોદરા સરકારી છાપખાનું, સન-૧૯૩૯, પૃ.૮૨૫, ૮૩૩, ૮૪૧, ૮૪૯, ૮૫૭.

૨૩."શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૧, પૃ.૧૧૬,૧૧૭.

૨૪. એજન, પૃ.૧૧૪.

૨૫. એજન, પૃ.૧૧૮.